ક્રમાંક : ગુજકા/વેટ–૧૫/૧૦–૧૧/જા.૧૧૮/૧૦૦

તારીખ : ૧૪/૬/૨૦૧૧

# જાહેર પરિપત્ર

વિષય : નિયમ–૧૯ હેઠળ માસિક તેમજ ત્રિમાસિક ટેક્ષ પીરીયડના પત્રક રજુ કરવાની સમય મર્યાદા લંબાવવા બાબત

સંદર્ભઃ (૧) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ–૧૫/૨૦૧૦–૧૧/જા.૧૦૧/૮૯ તા. ૩/૧૧/૨૦૧૦
(૨) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ–૧૫/૨૦૧૦–૧૧/જા.૧૦૪/૯૧ તા. ૩૦/૧૧/૨૦૧૦
(૩) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ–૧૫/૨૦૧૦–૧૧/જા.૧૦૫/૯૨ તા. ૨૩/૧૨/૨૦૧૦
(૪) જાહેર પરિપત્ર ક્રમાંકઃ ગુજકા/વેટ–૧૫/૨૦૧૦–૧૧/જા.૧૧૧/૯૭ તા. ૧૫/૨/૨૦૧૧

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ ના નિયમ–૧૯ ની પત્રકો રજુ કરવાની જોગવાઈમાં કરવામાં આવેલ સુધારા મુજબ ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૦ ના રોજ પૂરાં થતાં ટેક્ષ પીરીયડથી કેટલાંક વેપારીઓએ ઇ–રીટર્ન ફરજીયાત રજુ કરવાનું થાય છે.

આ જોગવાઈ વેપારીઓ માટે નવી હોઈ તેમજ ઇ–રીટર્ન ભરવાપાત્ર થતાં વેપારીઓની સંખ્યામાં વધારો થયેલ હોઈ નિયત સમયમર્યાદામાં ઇ–રીટર્ન રજુ કરવું મુશ્કેલ બનતું હોવાની રજુઆત જુદા જુદા વેપારી મંડળો તેમજ વેરા સલાહકાર મંડળો દ્વારા કરવામાં આવેલ. જેના અનુસંધાને સંદર્ભના જાહેર પરિપત્રો અન્વયે પત્રકો રજુ કરવાની સમય મર્યાદા લંબાવવામાં આવેલ. આમ છતાં કેટલાંક કિસ્સાઓમાં ઇ–રીટર્ન નિયત સમય મર્યાદામાં રજુ થઈ શકેલ નથી તેવી રજુઆતો મળેલ છે.

ઉક્ત રજુઆતોને ધ્યાને લેતાં ઇ–રીટર્ન રજુ કરવા અંગે નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

ફેબ્રુઆરી–૨૦૧૧ ના ટેક્ષ પીરીયડના માસિક તેમજ ૩૧મી માર્ચ–૨૦૧૧ના રોજ પૂરા થતાં ટેક્ષ પીરીયડના માસિક તેમજ ત્રિમાસિક પત્રકો નીચે દર્શાવેલ તારીખ સુધીમાં રજુ કરેલ હશે તો આવા પત્રકો સમયસર ગણવામાં આવશે.

| | રૂ.૫૦૦૦/–થી ઓછો વેરો ભરતા માસિક પત્રક રજુ કરવાપાત્ર વેપારીઓ માટે | રૂ.૫૦૦૦/–થી વધુ વેરો ભરતા માસિક પત્રક રજુ કરવાપાત્ર વેપારીઓ માટે | ત્રિમાસિક પત્રક રજુ કરવાપાત્ર વેપારીઓ માટે |
|---|---|---|---|
| ફેબ્રુઆરી–૧૧ના સમય માટે | તા. ૯/૫/૨૦૧૧ | તા.૧૯/૫/૨૦૧૧ | ––––– |
| માર્ચ–૧૧ના સમય માટે | તા. ૯/૬/૨૦૧૧ | તા.૧૯/૬/૨૦૧૧ | તા.૨૪/૬/૨૦૧૧ |

ઉપર મુજબ લંબાવેલ સમય મર્યાદામાં ઇ–રીટર્ન ફાઈલ કરવા બદલ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ તથા ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ અન્વયેની દંડકીય કાર્યવાહી કરવામાં આવશે નહિ.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/–
(ગુરૂપ્રસાદ મહાપાત્ર)
વાણિજ્યિક વેરા કમિશ્નર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ